|| શ્રી પાર્શ્વનાથાય નમઃ ||

# ગુજરાતી દિગંબર જૈન સમાજ મહાસંઘ

૮ મી ખેતવાડી, આર. કે. બિલ્ડીંગ નં. ૩, મુંબઇ - ૪૦૦ ૦૦૪. ફોન : ૬૬૩૩ ૭૪૭૯, ૯૩૨૪૫ ૦૮૦૫૬ (J.P.)

## શ્રી સમ્મેદશિખર યાત્રા સંઘ-૨૦૨૬ માં જોડાવવાનું અરજી પત્રક

યાત્રા પ્રવાસ : તા. ૫-૧૧-૨૦૨૬ થી તા. ૧૪-૧૧-૨૦૨૬

**માનનીય પ્રમુખ સાહેબશ્રી,**
**કોટડીયા સમરતબેન નેમચંદ ઉગરચંદ સમ્મેદશિખર યાત્રા ટ્રસ્ટ,**
**મુંબઈ - ૪૦૦ ૦૦૪.**

આપણા ટ્રસ્ટ દ્વારા આયોજીત, શ્રી સમ્મેદશિખર યાત્રા સંઘમાં જોડાઈ યાત્રા કરવાની મારી/અમારી હાર્દિક ભાવના છે.

અરજદારનું પુરૂનામ : ____________________ સભ્યપદ નંબર : __________

પિતા / પતિનું પુરૂનામ : ____________________ મૂળ વતન : __________

અરજદારનું પત્ર વ્યવહારનું સરનામું : ____________________

(પુરૂ પોસ્ટલ સરનામું લખવું) ____________________ **Pin Code :** __________

ફોન નં. : (O) __________ (R) __________ મો.નં. : __________

ધંધા કે નોકરીની વિગત (પ્રકાર) : ____________________

નોકરી / ધંધાનું સરનામું : ____________________

____________________

**I.T. Pan No.:** __________ Aadhar Card No. : __________

શારીરિક બિમારી/ખોડ ખાંપણ તથા અન્ય કોઈ વિગત હોય તો જણાવવી : __________

### ❖ યાત્રા પ્રવાસના દર ❖

**ફુલ્લી પેઈડ દર** (At Cost) **: રૂ.૨૯,૦૦૦/-**
**સેમી રાહતનો દર : રૂ.૨૫,૦૦૦/-**
**અતિ જરુરિયાત માટે રાહતનો ચાર્જ : રૂ.૧૫,૦૦૦/-**

(ફુલ્લી પેઈડઅપ સિવાયના યાત્રિકોના ફોર્મ ટ્રસ્ટ બોર્ડ તથા હોદ્દેદારોની યાત્રા ટ્રસ્ટની મિટીંગમાં ચર્ચા-વિચારણા કરી ધારા ધોરણ મુજબ મંજુર કરાશે.

**નીચેની વિગત રાહતના દરથી યાત્રામાં જોડાવા ઈચ્છતા યાત્રિકે જ ભરવી :**

૧. અગાઉ આ યાત્રા કરી છે ? __________ ક્યારે ? : __________

૨. અગાઉ યાત્રા સંઘમાં જોડાવવા ફોર્મ ભર્યું હતું ? __________ ક્યારે ? : __________

૩. કુટુંબમાં કમાનાર વ્યક્તિઓની સંખ્યા : __________ કુટુંબની વાર્ષિક આવક : __________

**✳ યાત્રા પ્રવાસમાં જોડાવવા ઈચ્છતા યાત્રિકોની વિગત ✳**

| | નામ | ઉંમર | અરજદાર સાથેનો સબંધ | રકમ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |
| ૪ | | | | |
| ૫ | | | | |
| ૬ | | | | |
| | | | **કુલ રકમ** | |

✳ મારા અરજીપત્રકને ધ્યાનમાં લઈ સ્વીકૃતી આપવા નમ્ર વિનંતી મહાસંઘના સિધ્ધાંતો તેમજ યાત્રા ટ્રસ્ટનાં નિતી-નિયમો તથા સુચનોનો અમલ કરીશું યાત્રા પ્રવાસ દરમ્યાન સહકાર આપી, શિસ્ત જાળવવાની ખાત્રી આપું છું.

✳ યાત્રા પ્રસ્થાન મુંબઈથી થશે. ✳ અમો રેલ્વે સ્ટેશને આવવાની જવાબદારી સ્વીકારીએ છે.

અરજદારની સહી __________

તારીખ : ..............................

# યાત્રા પ્રવાસ માટેના નિતી નિયમો તથા અગત્યના સુચનો

૧) રેલ ટીકેટ direct પોતાની રીતે કરાવી શકો તેમ હોય તો પ્રમુખશ્રી **વી.સી.શાહ**નો સંપર્ક કરવો (૦૯૮૩૩૭ ૬૯૯૧૦ ✲ ૦૮૨૯૧૮૯૮૪૨૫) તે અંગેની રેલ ટિકેટની રકમ મજરે આપવામાં આવશે તેઓશ્રી ટ્રેન નંબર-નામ જણાવશે/આપશે.

૨) ભરેલા ફોર્મ સાથે પાસપોર્ટ સાઈઝના **બે લેટેસ્ટ કલર ફોટા** અવશ્ય આપવા. ફોટા પાછળ યાત્રિકનું નામ લખવું.

૩) કોઈપણ યાત્રિક તેની રેલ્વે ટીકેટ **વેઈટ લીસ્ટ**માં આવવાના કારણે ટીકેટ કેન્સલ કરાવવા ઈચ્છતા હશે તે સંજોગોમાં રેલ્વેનો (એજન્ટ સહિતનો) ખર્ચ બાદ કરી બાકીની રકમ યાત્રિકને રીફંડ કરવામાં આવશે. સંજોગોને આધીન.

૪) એક વાર ટીકેટ કન્ફર્મ થયા બાદ કેન્સલ કરવામાં આવશે નહી. અનિવાર્ય સંજોગોવશાત કેન્સલ કરવાનું યોગ્ય જણાય અને શક્ય હોય તો તેના કેન્સલેશન ચાર્જ રૂા. ૫,૦૦૦/- કાપી રીફંડ કરવામાં આવશે. **તા. ૪-૧૦-૨૦૨૬ પછી કોઈની પણ ટીકીટ કેન્સલ કરાશે નહી.**

૫) સીનીયર સીટીઝનનું કન્સેશન તથા અડધી ટીકીટ રેલ્વેમાં હાલ મળતા નથી. **દરેક યાત્રિકે પોત પોતાનું I.D. Card સાથે રાખવું ફરજીયાત છે. ✳ ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૦૮-૨૦૨૬ ગુરૂવાર છે.**

૬) આ યાત્રા પ્રવાસ ટ્રેન / બસ થકી છે. સ્ત્રી (મહિલા) અથવા સીનીયર સીટીઝન કે અન્ય જે કોઈ ક્વોટા પદ્ધતિ ઉપલબ્ધ હશે તે પ્રકારે ટીકીટ રીઝર્વ કરાવવામાં આવશે. આ કારણથી પરિવારના સભ્યોની ટીકીટ અલગ-અલગ પણ આવી શકે છે કે અલગ-અલગ બોગીમાં પણ આવી શકે છે. રેલ ટીકેટ મેળવવાની કટોકટીથી સહુ કોઈ પરિચિત છે તેથી આમ બની શકે છે.

૭) અપુર્ણ ભરેલા ફોર્મ તેમજ ખોટી માહિતી આપેલ ફોર્મ નામંજુર થશે. માહિતી ખોટી જણાશે તો મંજુર થયેલ ફોર્મ પણ ગમે તે સમયે રદ કરવામાં આવશે.

૮) યાત્રા ટ્રસ્ટનાં ધારાધોરણ પ્રમાણે મુલ્યાંકન કરી ફોર્મ મંજુર/નામંજુર કરવામાં આવશે, તેની તમામ સત્તા ટ્રસ્ટી બોર્ડ તથા સંઘ દ્વારા નિમાયેલ કમિટીની રહેશે. નામંજુર થયેલ ફોર્મ માટે કોઈપણ કારણ આપવામાં આવશે નહી તથા તે અંગે કોઈપણ જાતનો પત્ર વ્યવહાર કરવામાં નહી આવે. આ બાબતમાં જે તે વ્યક્તિ કે અન્ય વ્યક્તિએ વાદ-વિવાદ ન કરવો.

૯) ફોર્મ મંજુર/નામંજુર થવાની જાણ પત્ર દ્વારા કે ફોન દ્વારા કરવામાં આવશે. નામંજુર થયેલ ફોર્મની રકમ પરત કરાશે.

૧૦) સંપુર્ણ વિગતો સાથે ભરેલ ફોર્મ આપવા આવો કે મોકલો, ત્યારે પુરેપુરી રકમ તેની સાથેજ આપવાની રહેશે. રકમ આપી રસીદ અવશ્ય લઈ લેવી.

૧૧) યાત્રા સંઘમાં રાહતના દર થી એક કુટુંબ દીઠ વધુમાં વધુ બે વ્યક્તિને લાભ મળશે. ખાસ કારણોસર વધારાનાં એકાદ વ્યક્તિને લાભ આપી શકાશે. વિધવા તથા સ્ત્રી ત્યક્તાને અગ્રપસંદગી અપાશે. બાળકોને રાહતના દરનો લાભ નહી મળે.

૧૨) **કુલી પેઈડઅપ (પુરા દરથી) એક કુટુંબના ગમે તેટલા સભ્યો યાત્રા પ્રવાસમાં જોડાઈ શકશે.**

૧૩) ૬૫ વર્ષની ઉપરના કોઈપણ ભાઈ-બહેન ફોર્મ ભરવા ઈચ્છતા હોય, તેમણે તંદુરસ્તી તથા ચાલવામાં કોઈ તકલીફ નથી તે બાબતનું ડૉક્ટરી સર્ટીફીકેટ ફરજીયાત પણે ફોર્મની સાથે જ આપવું પડશે.

૧૪) બંને બાજુ ઝેરોક્ષ કરેલું ફોર્મ, ભરીને આપશો તો પણ ચાલશે. ભરેલ ફોર્મના બંને સાઈડની ઝેરોક્ષ કરેલ એક કોપી આપની પાસે અવશ્ય રાખવી.

૧૫) સમય અને સંજોગો પ્રમાણે કાર્યક્રમ તથા પ્રવાસમાં કોઈપણ જરૂરી ફેરફાર યાત્રા પ્રવાસ કમિટી કરી શકશે. અનિવાર્ય સંજોગો કે કારણોસર મહાસંઘ તથા યાત્રા ટ્રસ્ટનું મેનેજમેન્ટ યાત્રા પ્રવાસ રદ કરવાનો હક્ક ધરાવે છે અને તે સર્વેને બંધનકર્તા રહેશે. લીધેલ રકમ પરત કરવામાં આવશે.

૧૬) યાત્રા પ્રસ્થાન સ્થળે પોતાનો સરસામાન લઈ સમયસર આવવાની જવાબદારી યાત્રિકની પોતાની રહેશે.

૧૭) યાત્રા સંઘ તરફથી જે બોગીનંબર, બર્થ નંબર, બસ નંબર, સીટ નંબર આપવામાં આવે ત્યાંજ બેસવું પડશે.

૧૮) સંઘ કે ટ્રસ્ટનાં **હોદ્દેદારો** તેમજ યાત્રા પ્રવાસ કમિટિના **સભ્યો** તથા સંઘપતિ પરિવાર માટે બસમાં આગળની ૬/૮ સીટ રીઝર્વ રાખવામાં આવશે. તે પછીની રોના (લાઈનના) યાત્રાળુઓએ રાત્રી મુકામ પછી રો અનુક્રમે બદલવાની રહેશે.

૧૯) યાત્રા પ્રવાસ દરમ્યાન શક્ય એટલી વધુમાં વધુ સગવડો આપવાનો પ્રયત્ન કરાશે. પરંતુ સમય-સંજોગ પ્રમાણે ચાલશે, ભાવશે અને ફાવશેની પ્રતિબધ્ધતા રાખવી.

૨૦) યાત્રા પ્રવાસમાં રાત્રિભોજન ત્યાગ ફરજીયાત છે. અભક્ષ્ય પદાર્થનું સેવન કરવું નહી.

૨૧) જે કોઈ સ્થળે/મંદિરમાં ત્યાંની સ્થાનિક આમન્યા મુજબ જ સમુહમાં દરેકે વર્તવાનું રહેશે.

૨૨) યાત્રિકોએ અંદરોઅંદર કોઈપણ પ્રકારનાં વાદવિવાદમાં ઉતરવું નહી. કોઈપણ પ્રકારની તકલીફ કે અગવડ હોય અથવા જરૂરી સુચન કરવું હોય તો **યાત્રા પ્રવાસ કન્વીનર** શ્રી વિનોદકુમાર ચુનીલાલ શાહ - મો.નં.: ૦૯૮૩૩૭૬૯૯૧૦, ૦૮૨૯૧૮૯૮૪૨૫ **નો સંપર્ક કરવો.**

૨૩) સંઘની પ્રણાલીકા અનુસાર જે તે ખાતાના પદાધિકારી રૂટીન નિર્ણય લેતા હોય છે. પરંતુ અસાધારણ તબક્કે **સંઘના - મુખ્યપદાધિકારી અને યાત્રા ટ્રસ્ટનાં પ્રમુખ નો નિર્ણય આખરી ગણાશે** અને તે સર્વેને બંધનકર્તા રહેશે.

૨૪) એન્ટ્રી ફી, રીક્ષા, ટેક્ષી, ઘોડાગાડી, રોપ વે, બોટીંગ તથા સાઈટસીઈંગ અને ગાઈડનો ખર્ચ યાત્રિકે પોતે ભોગવવાનો રહેશે.

૨૫) **ધર્મશાળામાં ત્યાંની ઉપલબ્ધ સુવિધા અનુસાર હોલ તેમજ રૂમોમાં રહેવાનું રહેશે.**

૨૬) ૭૦ વર્ષ કે તે થી ઉપરની ઉંમરની વ્યક્તિને તેના ઘરના કોઈ જવાબદાર વ્યક્તિઓ સાથે હશે તો જ યાત્રા પ્રવાસમાં સામેલ કરાશે.

૨૭) ટ્રેન કે બસ આકસ્મીક રીતે મોડી પડે કે કેન્સલ થાય તેમજ કોઈપણ પ્રકારનું જાન-માલને નુકશાન થાય તે માટે સંઘ-ટ્રસ્ટ (સંસ્થા) કે ટુર ઓપરેટર જવાબદાર રહેશે નહી.

૨૮) છેલ્લી તારીખ પછી આવેલ ફોર્મના યાત્રિકોને રાહતના દર નો લાભ મળશે નહી.

**ઉપરના તમામ નિયમો મેં /અમે વાંચ્યા છે અને તે મને/અમને કબુલ - મંજુર છે.**

અરજદારની સહી.............................................

This document was created with the Win2PDF “Print to PDF” printer available at

https://www.win2pdf.com

This version of Win2PDF 10 is for evaluation and non-commercial use only.
Visit https://www.win2pdf.com/trial/ for a 30 day trial license.

This page will not be added after purchasing Win2PDF.

https://www.win2pdf.com/purchase/